ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

अस्माकं वीरा उत्तरे भवन्तु

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# अग्निपथ

વર્ષ : ૧૪ અંક : ૪૨ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૧૭-૧૦-૨૦૧૩, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

### મુદ્રા કચ્છ ખાતે સિમંતોનયન સંસ્કારનો કાર્યક્રમ સંપન્ન

## ઉત્તમ સંતાનનું નિર્માણ કરવા ૧૬ સંસ્કારોને જીવનમાં સ્થાન આપવું જોઈએ : ચંદ્રેશજી આર્ય

મુદ્રા કચ્છ ખાતે તાજેતરમાં શ્રી કૈલાશભાઈ જોષી તથા શ્રીમતી લતાબેન જોષીના પુત્રવધૂ શ્રીમતી શિલ્પાબેન જોષીના સિમંતોનયન સંસ્કારનો કાર્યક્રમ શ્રી ચંદ્રેશજી આર્યની અધ્યક્ષતામાં યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં મુંદ્રા ઉપરાંત માંડવી, ભુજ, વિથોન, રામપર વેકરા, લક્ષ્મીપર વગેરે આસપાસના ગામના પૌરાણિક માન્યતા ધરાવતા લોકો વચ્ચે વૈદિક વિધિથી સંસ્કાર સંપન્ન થતા ઉપસ્થિત લોકો ખૂબ જ પ્રભાવિત થયા હતા. વૈદિક વિધિ વિશે વધુ જાણકારી માટે તેમણે વૈદિક પ્રચારક શ્રી ચંદ્રેશજી આર્યને વિનંતી કરતાં તેમણે ઉપસ્થિત લોકોને આ અંગેની જાણકારી આપી હતી.





પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શ્રી ચંદ્રેશજીએ જણાવ્યું હતું કે, આજે સંસારમાં જે બગાડ જોવામાં આવી રહ્યો છે તેનું ઉદગમ સ્થાન ગૃહસ્થ જીવન છે. ગૃહસ્થના બગાડથી સંતાન બગડે છે, સંતાનના બગાડથી પરિવાર બગડે છે, પરિવારના બગાડથી સમાજ બગડે છે અને તે સમગ્ર દેશમાં ફેલાય છે. આના નિરાકરણ માટે આપણે સૌ પ્રથમ મહર્ષિ દયાનંદ સરસ્વતીજીની સંસ્કાર વિધિ પ્રમાણે ઉત્તમ સંતાનનું નિર્માણ કરવા ૧૬ સંસ્કારોને જીવનમાં સ્થાન આપવું જોઈએ. આજે ગર્ભાધાન સંસ્કાર કોઈ કરતું જ નથી. તેમણે અનેક ઉદાહરણો આપીને સોળ સંસ્કારોની વિધિ જીવનના વિવિધ તબક્કે અપનાવવા અનુરોધ કર્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મુંદ્રાના યુવક શ્રી કૌશિકભાઈ જોષી અને શ્રી પરેશભાઈ કેવડીયાનો વિશેષ ફાળો રહ્યો હતો. આ ઉપરાંત પુષ્પકર્મા બ્રહ્મ સમાજના કાર્યકર્તાઓએ પણ પોતાની અમુલ્ય સેવાઓ પ્રદાન કરી હતી.

# ક્રિયાત્મક યોગ પ્રશિક્ષણ શિબિર

## ૧૦ નવેમ્બર થી ૧૭ નવેમ્બર, ૨૦૧૩

### યોગ શિબિરમાં પ્રસ્તુત કરવામાં આવનારા મુખ્ય વિષયો

| | |
|---|---|
| ૧ ધ્યાન, જપ, પ્રાણાયામ વિધિ | ૨ શંકાઓનું સમાધાન, |
| ૩ આસન-વ્યાયામ પ્રશિક્ષણ | ૪ યજ્ઞ (અગ્નિહોત્ર), વેદ પાઠ |
| ૫ વિશુદ્ધ જ્ઞાન, કર્મ, ઉપાસના | ૬ મનોનિયંત્રણ |
| ૭ યોગ દર્શનનાં સૂત્રોનું અધ્યાપન | ૮ સંસ્કૃતના મંત્ર-શ્લોકનું ઉચ્ચારણ |
| ૯ આત્મ-નિરીક્ષણ | ૧૦ દાર્શનિક આધ્યાત્મિક પ્રેરક પ્રવચન |

- **શિબિરમાં ભાગ લેવા ઈચ્છુક ધાર્મીક મહાનુભાવોએ પોતાનું આવેદન પત્ર ભરીને શિબિરના સ્થળે મોકલી આપવાનું રહેશે.**
- **આવેદન પત્ર ટપાલ, ફેક્સ, ઈ-મેઈલ દ્વારા મોકલી આપવાના રહેશે.**
- **આવેદન પત્રમાં પોતાનું નામ, ઉંમર, અભ્યાસ, વ્યવસાય, મોબાઈલ તથા ફોન નંબર, ઈ-મેઈલ ઉપરાંત અગાઉ આ પ્રકારની શિબિરમાં કેટલી વાર ભાગ લીધો છે તે તથા શિબિરમાં ભાગ લેવા પ્રેરણા આપનારનું નામ પણ અવશ્ય લખવાનું રહેશે.**
- **આવેદન પત્ર મળ્યા બાદ જેમને આશ્રમ દ્વારા સ્વીકૃતિ પત્ર મળે તેવા આવેદકોએ ભોજન શુલ્કની રકમ રૂા. ૮૦૦/- માત્ર મનીઓર્ડર દ્વારા જ "વ્યવસ્થાપકશ્રી, યોગ શિબિર - આર્યવન"ના નામથી મોકલી નોંધણી કરાવી લેવાની રહેશે. આર્થિક કારણોસર ભોજન શુલ્ક આપવામાં અસમર્થ હશે તેમને યોગ્ય સમજીને ભોજન શુલ્કમાં છૂટ આપવામાં આવશે.**
- **શિબિરાર્થી કોઈપણ જાતના વ્યસનો ધરાવતો ન હોવો જોઈએ.**



### શિબિર સ્થળ

**વાનપ્રસ્થ સાધક આશ્રમ**

**આર્યવન - રોજડ, પો. સાગપુર, જિ. સાબરકાંઠા-૩૮૩૩૦૭**

**ફોન : (૦૨૭૭૦) ૨૮૭૪૧૭સ ૨૯૧૫૫૫, ૨૯૧૭૧૭, ૨૯૧૪૯૬**

E-mail : vaanprastharojad@gmail.com, Website : www.vaanprastharojad.org



**સ્થાન સૌજન્ય : વૈદિક મહાસભા**

### સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત ટાઉન પોલીસ તથા વાડોકાઈ કરાટે-ડો એકેડમી દ્વારા

## એમ્કો એલીકોન પ્રાથમિક શાળામાં સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન

સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત વિદ્યાનગર પોલીસ તથા વાડોકાઈ કરાટે-ડો એકેડમી દ્વારા જેસીઆઈ ક્લબના સહયોગથી સ્વબચાવની પ્રાથમિક પ્રશિક્ષણ શિબિરની શરૂઆત તા.૩-૯-૨૦૧૩ને મંગળવારના રોજ સાંજના ૪ થી ૫ વાગ્યા દરમ્યાન જી.આઈ.ડી.સી. અશોસિએશન સંચાલિત એમ્કોએલિકોન પ્રાથમિક શાળામાં કરવામાં આવી હતી. આ શિબિરમાં વાડોકાઈ કરાટે ડો અકેમીના આણંદ જિલ્લાના નિર્દેશક સેનસાઈ શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કર તથા સેનસાઈ શ્રી મેહુલભાઈ ઠક્કર દ્વારા શાળાની ૮૧ વિદ્યાર્થીઓને કરાટેની પ્રાથમિક ટ્રેનિંગ તથા સ્વબચાવની સઘન તાલીમ આપવામાં આવી હતી.




આ શિબિરનો સમાપન સમારોહ તા.૦૫.૧૦.૨૦૧૩ને શનિવારનાં રોજ એમ્કો એલીકોન પ્રાથમિક શાળા, વિઠ્ઠલઉદ્યોગ નગરખાતે યોજાઈ ગયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે વિદ્યાનગર ટાઉન પી.એસ.આઈ. માનનીય શ્રી જી.એ.પટેલ સાહેબ, અતિથી વિશેષ તરીકે વિઠ્ઠલઉદ્યોગ નગરનાં જનરલ સેક્રેટરી માનનીય શ્રી મનોજભાઈ પટેલ, આણંદ જીલ્લા ભાજપ ઉપપ્રમુખ તથા સ્કુલ કમિટીનાં કન્વિનર શ્રી વિપુલભાઈ પટેલ તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમી આણંદ શાખાનાં ડાયરેકટર સેનસાઈ શ્રી જીગ્નેશ ઠક્કર, જેસીરેટનાં ચેરપર્સન આનલ બેન પરીખ, સેક્રેટરી શ્રી સપનભાઈ શાહ, જેસી ભૂતપૂર્વ પ્રમુખ શ્રી દિવ્યેશભાઈ શાહ તથા શાળાનાં આચાર્ય શ્રી કિરીટભાઈ પટેલ હાજર રહ્યાં હતાં. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સંદર પ્રાર્થના ગીત રજૂ કરવામાં આવ્યું હતુ. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય શ્રી કિરીટભાઈ પટેલ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતુ.

સ્વબચાવની શિબિરમાં ૨૦ દિવસની તાલીમમાં શાળાની વિદ્યાર્થીનીઓ મેળવેલ સિદ્ધિઓ સૌની સમક્ષ રજૂ કરી હતી. ત્યારબાદ સંસ્થાના બ્રાઉન બેલ્ટ વિદ્યાર્થીનીઓ દ્વારા કરાટેનું ભવ્ય નિદર્શન બતાવવામાં આવ્યું હતું, તે જોઈ સૌ મહેમાનો મંત્રમુગ્ધ બની ગયાં હતાં.

આ પ્રસંગે વિદ્યાનગર

(અનુ. પાન ૨ પર...)

## વિદ્વાનોનું સમાગમ સ્થળ બની રહ્યું છે સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરુકુલ ભવાનીપુર કચ્છ

સંતભૂમિ ગુરુકુલ ભવાનીપુરમાં વિદ્વાનોનું આવગમન સતત ચાલી રહ્યું છે. આના પરિણામે અહિંના નાના અને મોટા બંને વર્ગના બ્રહ્મચારીઓને વૈદિક દાર્શનિક, આધ્યાત્મિક જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરવાનો સુંદર અવરસ પ્રાપ્ત થઈ રહ્યો છે.

ગુરુકુલના આચાર્ય સ્વામી શાંતાનંદજી પણ વિદ્વાનોનું સ્વાગત અને સત્કાર કરવા તત્પર રહે છે. ટ્રસ્ટીગણ અને કાર્યકર્તાઓ પણ આવનાર અતિથિ મહાનુભાવોની સેવામાં શ્રદ્ધાપૂર્વક સંલગ્ન રહે છે અને પોતાનું જ્ઞાન વધારે છે.

આ વખતે વિદ્વાનોના આગમન ક્રમમાં ઋષિઉદ્યાન અજમેરના વિદ્વાન આચાર્ય શાનન્દ આર્ય આ પાવન સંત ભૂમિ પર પધાર્યા હતા. તેમનું આત્મીય સ્વાગત ગુરુકુલની યજ્ઞશાળામાં ગુરુકુલના અનન્ય શુભચિંતક અને કર્મઠ કાર્યકર્તા શ્રી ખેમજીબાપાજી તથા સ્વામી શાંતાનંદજી દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય શાનન્દજી દ્વારા બ્રહ્મચારીઓને જ્ઞાનવર્ધક ઉપદેશ આપવામાં આવ્યો હતો. તેમણે



વિદ્યાની દેવીના રૂપમાં પ્રસિદ્ધ સરસ્વતીના ચિત્રનો સાર્થક સંદેશો વિદ્યાર્થીઓને સંભળાવ્યો હતો. તેમણે હંસના રૂપમાં સરસ્વતીને જ્ઞાનના ભંડાર સ્વરૂપે દર્શાવતા કહ્યું હતું કે, પાણીને છોડીને દુધને અપનાવવાની પરંપરા અનુસાર જે વિદ્યાર્થી દુર્ગુણો-દુર્વસનોને છોડીને સદગુણોને અપનાવે છે તેની ઉપર જ વિદ્યાની કૃપા થાય છે અને તેઓ જ મહાન બને છે. આમ વિદ્યાર્થીઓને ઉપયોગી પ્રવચન આપવા ઉપરાંત તેમણે ત્રણ કક્ષામાં બ્રહ્મચારીઓને વેદ ઉપદેશ અને દાર્શનિક જ્ઞાન પર આપ્યું હતું. સ્વામી શાંતાનંદજી સાથે તેમણે સાધનાના ક્ષેત્રમાં શીઘ્ર ઉન્નતિ-પ્રગતિ કરવા સંબંધે પણ આધ્યાત્મિક ચર્ચા કરી હતી.

સ્વયં સાધનાના ક્ષેત્રમાં વિશેષ ઉન્નતિ માટે દીર્ઘકાલિન સુધી મૌન વ્રતનું અનુષ્ઠાન કરી રહેલા સ્વામી શાંતાનંદજીએ આચાર્ય સાનન્દજીને ઈશ્વર ઉપાસનામાં સફળતા મેળવવા અંગે મહત્વપૂર્ણ ઉપાયો બતાવ્યા હતા.

આ રીતે જ્ઞાનના આદાન પ્રદાનની આદર્શ પરંપરાનું નિર્વહન કરતાં બંને વિદ્વાનોમાં આત્મિય સંબંધ વિકસિત થયો છે. અંતમાં સ્વામી શાંતાનંદજીએ આચાર્ય સાનન્દજીએ પુનઃ ગુરુકુલની મુલાકાત લેવા અનુરોધ કરતાં તેમનો આભાર માન્યો હતો.

### આર્યસમાજ, ભાવનગર ખાતે બૃહદ યજ્ઞ યોજાયો



આર્યસમાજ, ભાવનગર દ્વારા તાજેતરમાં જ સમગ્ર આર્યવ્રતના કલ્યાણ અર્થે એક બૃહદ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જે આ તસવીરમાં દ્રષ્ટિગોચર થાય છે.

धर्मप्रधानं पुरुषं तापसा हतकिल्विषम् ।
परलोकं नयत्याशु भास्वन्तं खशरीरिणम् ॥
मनुस्मृति २४१(८१)

કિન્તુ જે પુરુષ ધર્મને જ પ્રધાન સમજે છે, જેનું ધર્મના અનુષ્ઠાનથી પાપ દૂર થઈ ગયું છે તેને પ્રકાશ સ્વરૂપ અને આકાશ જેનું શરીર છે તે પરલોક અર્થાત પરમદર્શનીય તેવા પરમાત્માને ધર્મ શીઘ્ર પ્રાપ્ત કરાવે છે.

## તંત્રી સ્થાનેથી....

# આપણે સૌએ અંધશ્રદ્ધા નિર્મુલનનું કાર્ય વધુ ઉગ્રતાથી કરવાની જરૂર છે

ભારતની ઉત્સવપ્રિય પ્રજાને ઉત્સવો ઉજવવાના ઉન્માદમાં સત્ય શોધવાની ફુરસદ નથી. વિવિધ ઉત્સવો ઉજવવા માટેના વિવિધ કારણોના મૂળમાં જવાનું આપણાં દેશની પ્રજામાં સામર્થ્ય જ રહ્યું નથી.

તાજેતરમાં જ મધ્યપ્રદેશના દાતિયા જીલ્લામાં આવેલ રતનગઢ દેવી મંદિરમાં દુર્ગાપૂજા નિમિત્તે લાખોની ભીડ એકઠી થઈ હતી. આ ભીડમાં પુલ તૂટવાની અફવા ફેલાઈ જવાથી લગભગ ૧૧૫થી વધુ લોકોના મોત થયા હતા. માતાજીના દર્શન કરવા માટે ભેગી થયેલી આ વિશાળ જનમેદનીને નિયંત્રિત કરવા માટે પોલીસનો પુરતો બંદોબસ્ત ન હોવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી.

આપણાં દેશમાં અંધશ્રદ્ધાળુ લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. મંદિરની એ પથ્થરની મુર્તિના દર્શન કરવા લાખો લોકો ભેગા થાય છે. આ પથ્થરની મુર્તિમાંથી કંઈ જ પ્રાપ્ત થવાનું નથી તે જ્ઞાન આપનાર કોઈ નથી. મંદિરના સત્તાધિશો દ્વારા ચમત્કારની વાતો ફેલાવીને પોતાના ભક્તોની સંખ્યા વધારવાનો ધંધો ભારતમાં પૂરજોશમાં ચાલી રહ્યો છે. જેટલા ભક્તોની સંખ્યા વધારે તેટલા રૂપિયાની કમાણી વધારે. દરવર્ષે આવા મંદિરોમાં લોકો મૃત્યુ પામે છે. પરંતુ ભારતની અંધશ્રધ્ધાળુ જનતાને કોઈ બોધપાઠ મળતો નથી.

મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ મુર્તિપૂજાનો ઘોર વિરોધ કરેલો. તેમણે તાર્કિક રીતે મુર્તિપૂજા શા માટે ન કરવી જોઈએ તે સમજાવેલું જ છે. પરંતુ વેદ-ઉપનિષદ, દર્શન, વગેરે વાંચવાનો કોઈને સમય નથી. સાચી વાત જાણવાની કોઈ ઈચ્છા જ નથી. અને સૌથી મોટી સમસ્યા એ છે કે તેઓ જે કુટુંબમાંથી આવે છે તે કુટુંબમાં પણ કોઈએ વેદ-ઉપનિષદ, દર્શન જેવા શાસ્ત્રોનો અભ્યાસ કર્યો નથી અથવા તો તેમનું એટલું બૌદ્ધિક સ્તર નથી. આર્યસમાજ દ્વારા આ ઈશ્વરીય વાણી ચાર વેદના પ્રચાર-પ્રસારનું કાર્ય થઈ રહ્યું છે. આપણે સૌએ આ અંધશ્રદ્ધા નિર્મુલનનું કાર્ય વધુ ઉગ્રતાથી કરવાની જરૂર છે.

## એમ્કો.... (પાન ૧નું શેષ)

ટાઉન પી.એસ.આઇ. માનનીય શ્રી જી.એ.પટેલ સાહેબે વિદ્યાર્થીનીઓને ઉત્સાહ પૂર્વક ભાગ લેવા માટે અભિનંદન પાઠવ્યા હતા. સેનસાઇ શ્રી જીગ્નેશ ઠકકરએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપતાં જણાવ્યું હતું કે આજે સમાજમાં બની રહેલા બનાવો આપણને સૌને સક્ષમ બનવા સૂચન કરે છે. સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા પોલીસ આપણી સાથે સુરક્ષાનો સેતુ (બંધ) બાંધવા માટે છે. જેથી કરીને આપણે સૌ સુરક્ષિત સમાજનું નિર્માણ કરી શકીએ. સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા આણંદ જિલ્લામાં શરુ કરવામાં આવેલ મહિલા બસની સુવિધા, બુટલેગર મહિલાઓ માટે પુનર્વસનની સહાય, મહિલાઓ માટે હેલ્પડેસ્ટની સુવિધા, શાળા-કોલેજોમાં સુરક્ષા પેટી દ્વારા ફરિયાદ નિવારણ વગેરે પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમણે જણાવ્યું હતુ કે કરાટેની કળા વૈશ્વીક સ્તરે સ્વબચાવ માટે ઉતમ પૂરવાર થયેલ કળા છે. કરાટે દ્વારા શારિરીક વિકાસની સાથે સાથે માનસિક વિકાસ પણ થાય છે અને આત્મવિશ્વાસ વધે છે. આપ સૌને જે સ્વબચાવની ટેકનિક્સ શીખવવામાં આવી છે તેનો નિયમિત અભ્યાસ કરવાથી તમારી ક્ષમતામાં વધારો થશે. આમ તમે સૌ પોતાની સુરક્ષા કરવા માટે સક્ષમ બનવા તથા તેમનામાં રહેલી શકિતઓને કેળવી આજીવન નિડર બની રહેવા આહવાન કર્યું હતું. અંતે શ્રી મનોજભાઇ પટેલે વિદ્યાર્થીનીઓને કરાટેનો નિયમિત અભ્યાસ કરવા પ્રેરણા આપી હતી.

શિબિર પુરી કરેલ દરેક વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેસીરેટનાં ચેરપર્સન આનલબેન પરીખ દ્વારા કરાટે શિબિરમાં જોડાયેલ દરેક વિદ્યાર્થીનીઓને ગિફ્ટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના પ્રશિક્ષક શ્રી જગદિશભાઇ આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું.



વૈચારિક ક્રાંતિ માટે વાંચો
મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત
સત્યાર્થ પ્રકાશ
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

# આપણે હંમેશા કર્મોમાં રહેલ ગુણદોષની વિવેચના કરી પ્રવૃત્ત થવું જોઈએ

**ओ३म् वसोः पवित्रमसि शतधारं वसोः पवित्रमसि सहस्त्रधारम् । देवस्त्वा सविता पुनातु वसोः पवित्रेण शतधारेण सुप्वा कामधुक्षः ॥**
**( यजु. १-३ )**

પરમેશ્વરની સૃષ્ટિમાં એક એક સંસારની રચના-પાલન-પ્રલય'શતધારમ્' યજ્ઞ છે. અનેક સંસાર મળીને બ્રહ્માંડની દૃષ્ટિમાં આ યજ્ઞ પોતાની મહત્તામાં સહસ્ત્રધાર બની જાય છે. જેમકે પરમાત્માનું કર્મ છે સમષ્ટિરુપ તથા સહસ્ત્રધાર છે તેમ માનવનું કર્મ પણ શતધારથી સહસ્ત્રધાર બની જાય છે.કેવી રીતે? સંઘટનથી. વેદ કહે છે -

**संगच्छध्वं संवदध्वं संवो मनांसि जानताम् ।( ऋग्वेद )**

સાથે સાથે ચાલવું, સાથે સાથે રહી પ્રેમથી સંવાદ કરવું, એક મન થઈ કાર્યોને કરવા. આ વેદની આજ્ઞા છે. આ આજ્ઞાનું પાલન કરવું જ ધર્મ છે અને આ આજ્ઞાનું પાલન ન કરવું અધર્મ છે. ધર્મના પાલનથી સમાજમાં એકતા, બળ, પરાક્રમ આદિ સદ્‌ગુણમાં વૃદ્ધિ થશે અને પાલન ન કરવાથી સમાજમાં આંતરિક ઉણપ, વિવાદ, ઝઘડા આદિ થશે. પ્રત્યેક વ્યક્તિનું શ્રેષ્ઠકર્મ 'શતધાર' છે. સંઘટિત સમાજનું કર્મ સહસ્ત્રધાર બની જાય છે.

ગુજરાતના માથે અભૂતપૂર્વ ભૂકંપનું સંકટ આવી પડયું હતુ. અનેક સેવા,સંસ્થા,મંદિર, દળો તેમજ સરકારે કઠિન પુરુષાર્થ કર્યો અને તેટલી માત્રામાં સફળતા મળી. પરંતુ યોગ્ય સંઘટનના અભાવે અસફળતા પણ મળી. આપણું સંઘટન નબળું છે.આથી ધર્મ પણ નબળો છે. ભૂકંપપીડિતોને સહાયતા પહોંચાડવી પરમધર્મ છે. આપણે આ ધર્મને બજાવીએ તો છીએ. આપણે આપણા કર્મોને 'શતધારમ્' બનાવ્યાં, 'પંચશતધારમ્' પણ બનાવ્યાં. પરંતુ સંઘટન નબળું હોવાના પરિણામે 'સહસ્ત્રધારમ્' બનાવી ન શકયા. આ આપણો દોષ છે. આ દોષને દૂર કરવો આવશ્યક છે. આપણે ઈશ્વરને પ્રાર્થના કરીએ કે હે પ્રભો!આપ અમારા આ યજ્ઞને પવિત્ર કરો. અમારી અંદર જે જે દોષો છે જેના કારણે અસૂયા, ઈર્ષા, દ્વેષ, પક્ષપાત આદિ યજ્ઞધ્વંસક શક્તિઓ ઉત્પન્ન થઈ યજ્ઞને રોકે છે,તેને આપ દૂર કરો. આપના પ્રસન્ન થવાથી આપને અધીન વર્તનારા સર્વ દેવતાઓ પ્રસન્ન થઈ જાય છે. હે જગદીશ્વર! 'पवित्रेण शतधारेण सुप्वा' પવિત્ર, શતશઃ જ્ઞાનવિજ્ઞાનને આપનારી વેદવાણી દ્વારા યજ્ઞ કરતા જે જે વેદવાણીઓના ભાવ-તાત્પર્યને સમજવાની ઈચ્છા=જીજ્ઞાસા અમે કરીએ છીએ. આપ જ્ઞાનવર્ષણ દ્વારા અમારી કામનાઓ પૂર્ણ કરો.મંત્રદર્શનની યોગ્યતા અમને પ્રાપ્ત કરાવો.

## વેદવાણી ૨
**- શ્રીવેણુગોપાલજી(દર્શનાચાર્ય)**

પરમેષ્ઠી પ્રજાપતિત્વ અમને આપો. હે ભગવન! અકિંચિત શક્તિવાળા અમે આપને જ પ્રાર્થના કરી શકીએ છીએ કારણ કે આપને છોડીને જ્ઞાનના પ્રદાતા અન્ય આપની સમાન કોઈ છે જ નહિ.

માનવજીવનમાં સર્વકંઈ યજ્ઞમય હોવું જોઈએ.ખાવું, પીવું, સુવું, ન્હાવુ, ધોવું,બોલવું, સાંભળવું, લખવું, ભણવું, સંતાનોત્પત્તિ આદિ પ્રત્યેક કર્મને યજ્ઞની દૃષ્ટિએ જોવા જોઈએ. તેમાં લોભ, ક્રોધ, આડંબર આદિનું કોઈ સ્થાન હોવું ન જોઈએ. યત્નથી જ યજ્ઞની સંપન્નતા થાય છે. આપણા કર્મમાં જયારે લોભ, ક્રોધ, આડંબર, પ્રમાદ, આળસ આદિ પ્રવેશ કરી લે છે ત્યારે નિશ્ચિતરુપે આપણા કર્મ પતિત બની જાય છે. આથી આપણે હમેશા કર્મોમાં રહેલ ગુણદોષોની વિવેચના કરી પ્રવૃત થવું જોઈએ.

મંત્રમાં આવેલ 'અધુક્ષઃ' શબ્દનું તાત્પર્ય વેદવાણીના ગૂઢાર્થના પ્રકાશનથી છે. તે પદ 'धुक्ष सन्दीपनक्लेशनजीवनेषु (भ्वा.३९८)' ધાતુથી નિષ્પન્ન થાય છે. પૂર્વ વિદ્વાનોએ જે જે વેદશબ્દોના અર્થ જાણવાની ઈચ્છાથી બ્રહ્મયજ્ઞ કરેલા છે તે તે વેદમંત્રોનું સંદીપન=પ્રકાશન તેઓની બુદ્ધિમાં થયું છે. આજે પણ પરમાત્મા પોતાના ઉપાસકોને ગૂઢ જ્ઞાન આપતા રહે છે અને ભવિષ્યમાં પણ આમ બનતું રહેશે.

આ પ્રકારનો લાભ યજ્ઞકર્તાને પ્રાપ્ત થાય છે, આળસુ-પ્રમાદી-દુષ્ટાદિઓને કદી નહિ. આથી સમર્પણ ભાવથી, ભક્તિ તથા શ્રદ્ધાથી યજ્ઞનું અનુષ્ઠાન યથાશક્તિ, યથાસામર્થ્ય નિરંતર કરતા રહેવું જોઈએ.

**પરમાત્મા પોતાના ઉપાસકોને ગૂઢ જ્ઞાન આપતા રહે છે અને ભવિષ્યમાં પણ આમ બનતું રહેશે.**

**ओ३म् वसोः पवित्रमसि द्यौरसि पृथिव्यसि मातरिश्वनो धर्मोऽसि विश्वधाऽअसि परमेण धाम्ना दृँहस्व मा ह्वार्मा ते यज्ञपतिर्ह्वार्षीत् ॥**
(यजु.१-२)

આ મંત્રમાં પૂર્વવત્ પરમેષ્ઠી પ્રજાપતિ ઋષિ છે,યજ્ઞ દેવતા છે,સ્વરાષ્ટ્ર આર્ષી ત્રિષ્ટુપ છંદ અને ધૈવત સ્વર છે.

મંત્રનો પદચ્છેદ :- वसोः, पवित्रम्, असि, द्यौः, असि, पृथिवी, असि, मातरिश्वनः, धर्मःअसि, विश्वधा, असि,परमेण, धाम्ना, दृँहस्व, मा, ह्वाः, ते, यज्ञपति, मा, ह्वार्षीत् ॥

પદાર્થઃ-वसोः=યજ્ઞ(થી) पवित्रम् असि=શુદ્ધિનું કારણ છે. द्यौःअसि=વિજ્ઞાનપ્રકાશનો હેતુ તથા સૂર્યના પ્રકાશમાં સ્થિર થનાર છે. पृथिवी असि=વાયુની સાથે મળી દેશદેશાંતરોમાં ફેલાનાર છે. मातरिश्वनः धर्मः असि=વાયુમંડળને શુદ્ધ કરનાર છે. विश्वधा असि =જગતને ધારણ કરનાર છે. परमेण धाम्ना दृँहस्व=ઉત્તમ સ્થાનથી સુખને વધારનાર છે. मा ह्वाः=આ યજ્ઞનો ત્યાગ કદી ન કર. ते यज्ञपतिः मा ह्वार्षीत् =તારી રક્ષા કરનાર યજ્ઞપતિ પણ (આનો)કદી ત્યાગ ન કરે.

ભાવાર્થઃ- મનુષ્ય લોક પોતાની વિદ્યા અને ઉત્તમ ક્રિયાથી જે યજ્ઞનું સેવન કરે છે તેની પવિત્રતાનો પ્રકાશ, પૃથિવીનું રાજ્ય, વાયુરૂપી પ્રાણની તુલ્ય રાજનીતિ, પ્રતાપ બધાની રક્ષા, આ લોક તથા પરલોકમાં સુખની વૃદ્ધિ, પરસ્પર કોમળતાથી વર્તવું અને કુટિલતાનો ત્યાગ ઈત્યાદિ શ્રેષ્ઠ ગુણ ઉત્પન્ન થાય છે. આથી દરેક મનુષ્યએ પરોપકાર તથા પોતાના સુખને માટે વિદ્યા અને પુરુષાર્થની સાથે પ્રીતિપૂર્વક યજ્ઞનું અનુષ્ઠાન કરવું જોઈએ.
(ક્રમશઃ)

# આચાર્ય સુમેરુપ્રસાદજી


આચાર્ય સુમેરુપ્રસાદજી દર્શનાચાર્ય દર્શન યોગ મહાવિદ્યાલય, આર્યવન રોજડ, ગુજરાતના વર્તમાન આચાર્ય છે. તેઓ આધ્યાત્મિક માર્ગ સંબંધિત સાહિત્યનું સર્જન કરતા રહે છે. જુન - ૨૦૧૨ના રોજ તેમણે યોગ સાધના ગ્રંથ 'બૃહતી બ્રહ્મમેઘા' નું સંપાદન કાર્ય પૂર્ણ કર્યુ હતું.

યોગનિષ્ઠ પૂજ્ય સ્વામી સત્યપતિજીએ સન્ ૨૦૦૩માં ત્રણ માસના સમય ગાળા માટે એક ઉચ્ચસ્તરીય પ્રશિક્ષણ શિબિર આયોજીત કરી હતી. તેમાં દર્શનાચાર્ય, વ્યાકરણાચાર્ય જેવા ઉચ્ચ કક્ષામાં ભણેલા સાધકોએ ભાગ લીધો હતો. આ શિબિરમાં આપવામાં આવેલા પ્રવચનોને આ બૃહત ગ્રંથમાં સમાવવામાં આવ્યા છે.

ત્રણ ભાગમાં પ્રકાશિત આ વિશાળ ગ્રંથ ૧૯૦૦ થી વધુ પાનાનો છે. આચાર્ય સુમેરુપ્રસાદજીએ સાધના માર્ગના આ અતિ શ્રેષ્ઠ બૃહદ ગ્રંથનું પ્રકાશન કરીને તેમના ગુરુદેવ સ્વામી સત્યપતિજી પરિવ્રાજકજીને સમર્પિત કરી દીધો હતો.

ત્યારબાદ એમણે વિચાર્યુ કે, સાધનાની મહત્વપૂર્ણ જાણકારી આપતો ગ્રંથ તો તૈયાર થઈ ગયો પરંતુ તેના ક્રિયાત્મક પક્ષમાં મેં કોઈ જ કાર્ય કર્યું નથી, જે હવે મારે કરવું જોઈએ. અંતે એમણે એક વર્ષ માટે મૌન, એકાંત, અજ્ઞાતવાસનું અનુષ્ઠાન કરવાનો નિર્ણય લીધો અને ચાલી નિકળ્યા સાધનાના માર્ગે.

આ જુલાઈમાં આ કઠોર સાધનાના એક વર્ષ પૂર્ણ થતા જ તેમણે દર્શન યોગ મહાવિદ્યાલયનો સંપર્ક કર્યો અને જણાવ્યું કે, મને આ સાધનાના ફળસ્વરૂપ અત્યંત વિશિષ્ઠ ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ છે. ઈશ્વરથી સમીપતા વધી છે. હું ખૂબ જ આનંદનો અનુભવ કરી રહ્યો છું. અને હું આ અનુષ્ઠાનને વધુ ૬ મહિના માટે લંબાવવા



માંગું છું. જે સ્થિતિ પ્રાપ્ત થઈ છે તેમાં પરિપકવ બનવા માંગું છું. સંસ્થાના નિદેશક સ્વામી વિવેકાનંદથી પરિવ્રાજકજીની અનુમતિ પ્રાપ્ત કરીને તેમણે આ અનુષ્ઠાનને આગળ વધાર્યું છે. હવે તેઓ ડિસેમ્બર સુધી અજ્ઞાતવાસમાં મૌન અને એકાંતવાસમાં રહેશે.

જ્યારે એક વર્ષનું મૌન સંપન્ન થયું હતું ત્યારે ત્યાં જ રહીને તેમણે બે વાર દર્શનયોગ મહાવિદ્યાલયના અધ્યાપકગણ અને વિદ્યાર્થીઓને ટેલિફોન દ્વારા સંબોધિત કર્યા હતા અને ઉપદેશ આપીને લાભાન્વિત કર્યા હતા. આ સમયે મહાવિદ્યાલયના વરિષ્ઠ છાત્ર અને અધ્યાપક બ્ર. પ્રિયેશજીએ સમય-સમય પર સુવિચાર મોકલવા અનુરોધ કર્યો હતો. આચાર્ય સુમેરુપ્રસાદજીએ એસએમએસ દ્વારા સુવિચાર મોકલાવ્યા છે. અને હાલમાં જ તેમણે એક લઘુ લેખ મોકલાવ્યો છે. જેને 'ઈશ્વર-સાધક સંવાદ'ના નામથી પ્રકાશિત કરવામાં આવ્યો છે. આશા છે કે આપ આ વાંચીને લાભાન્વિત થશો.

ओ३म्

# ईश्वर-साधक का संवाद

**ईश्वर :-**

**किमर्थं मां ज्ञातुमिच्छसि ?** मुझे क्यों जानना चाहते हो ?

**साधक :-**

(1) **आप्तोपदेशात् ।** शब्द प्रमाण होने से अर्थात् पूर्व में ऋषियों ने आपको जाना है और जानने योग्य कहा है ।

(2) **अनुमानेनाभासात् ।** सृष्टिकर्ता होने से भी अनुमान से आपका आभास होता है कि आप हैं और महान हैं ।

(3) **ज्ञेयत्वाभिलाषाच्च ।** वस्तुतः महान होने से जानने योग्य हैं, इस अभिलाषा से भी जानना चाहता हूँ ।

(4) **दुःखापायश्च पृथक् ।** आपको जान लेने पर आगे के सारे दुःख हट जाएँगे। यह अतिरिक्त लाभ होगा ।

(5) **धारकः प्रेरको नियन्ता च ।**आप हमारे जीवन के आधार, प्रेरक और नियन्ता हैं। अतः आपके विरुद्ध चल भी नहीं सकता ।

(6) **सम्बन्धात् ।** आपसे हमारा माता-पिता, गुरु, राजा आदि का सम्बन्ध है। अतः आपको जानना होगा। हम इनकी उपेक्षा नहीं कर सकते ।

(7) **गतिरपि नान्या ।** और जाऊँगा भी कहाँ ? रहना तो आप में या आपके ही संसार में हैं ।

(8) **नातिरिक्तं कर्त्तव्यम् ।** अन्य कुछ करने योग्य भी नहीं। संसार को बहुत बार देखकर भी तृप्ति नहीं हो रही है ।

(9) **वस्तुतो न कुत्रापि किमपि ।** सत्य तो यही है कि आपके अतिरिक्त पाने योग्य कुछ भी नहीं है ।

(10) **अनेके चाप्रियाः ।** मुत्यु, रोग आदि अनेक अप्रिय पीछे लगे हैं, जिनको मैं कभी नहीं चाहता। परन्तु आपको मिले बिना उनसे छुटकारा सम्भव नहीं।

(11) **ये सन्ति ते न स्थास्यन्ति ।** जो साथी, सहायक हैं, वे भी जाने वाले हैं, रहने वाले नहीं हैं। पुनः किसके भरोसे रहूँगा ?

*(निदिध्यासन 08/01/2013 से उद्धृत)*

**आचार्य सुमेरुप्रसाद**
दर्शन योग महाविद्यालय
आर्यवन, रोजड़, पत्रा.-सागपुर,
जि.-साबरकांठा (गुजरात) ३८३३०७
Ph- +91-2770-287418, 287518

# આજે સંસારમાં જેને 'સનાતન ધર્મ' કહેવામાં આવે છે એ વાસ્તવમાં તો 'પૌરાણિક મત' છે, કારણ કે સનાતન ધર્મ તો વૈદિક ધર્મનું જ બીજું નામછે




## આર્યસમાજની માન્યતાઓ

લેખક : ગજાનંદ આર્ય ૧૧ અનુ. - ભાવેશ મેરજા, ભરૂચ

### આર્યસમાજ કોઈ સંપ્રદાય નથી

જે માણસ શ્રેષ્ઠ, વિદ્વાન, ધર્માત્મા, પરોપકારી, સદાચારી તેમ જ આસ્તિકતા જેવા માનવીય ગુણો ધરાવે છે, તે જ આર્ય છે. મહર્ષિ દયાનંદ માનવીકરણમાં વિશ્વાસ ધરાવતા હતા. તેમની ઈચ્છા હતી કે માનવતા ધરાવતા ગુણવાન આર્યોના સંગઠન દ્વારા સમાજ ઊભો થાય. 'આર્યસમાજ' ઋષિની આ જ કલ્પનાનું સાકારરૂપ છે.

સંપ્રદાયની મુખ્ય ખાસિયત એ હોય છે કે તે કોઈ એક ચોક્કસ વ્યક્તિને પયગંબર, ગુરુ, અવતાર, તીર્થંકર કે સર્વેસર્વા માનીને ચાલે છે. સંપ્રદાયનાં સ્વીકૃત પુસ્તકો પોતપોતાના મર્યાદિત રીત-રિવાજો, માન્યતાઓ અને ગાથાઓથી ભરેલાં હોય છે. આર્યસમાજમાં આવી સંકુચિતતા જોવા મળતી નથી. આર્યસમાજનું ધર્મપુસ્તક વેદ છે, જેની પર સંપૂર્ણ માનવજાતિનો સમાન અધિકાર છે. સંસારના કોઈપણ ધાર્મિક ગ્રંથની કે ધાર્મિક નેતાની વાત આર્યસમાજને ત્યાં સુધી માન્ય છે જ્યાં સુધી તે વાત વેદને અનુકૂળ અને બુદ્ધિગમ્ય છે. આર્યસમાજના વિદ્વાનો તેમજ આર્યસમાજના સાહિત્યને પણ આ જ કસોટીથી મૂલવવામાં આવે છે. આર્યસમાજનો જે વિધેયાત્મક પક્ષ છે તેની પ્રત્યે તો કોઈ સંપ્રદાયવાદી અસહમતિ પ્રગટ કરી શકે તેમ નથી. જુદા જુદા સંપ્રદાયો અને મતમતાંતરોમાં રહેલા મનુષ્યો પોતપોતાના ક્ષેત્રમાં પ્રવર્તિત પાખંડો અને અંધવિશ્વાસોને જેટલા અંશે દૂર કરે છે, તેટલા જ અંશે તેઓ આર્યસમાજની નિકટ આવતા જાય છે. આર્યસમાજના સભ્ય બનવા માટે જે દસ નિયમોનો સ્વીકાર કરવો અનિવાર્ય છે, એ નિયમોમાં ક્યાંય સાંપ્રદાયિકતાની ગંધ પણ નથી જણાતી. એ નિયમો તો સાર્વભૌમ માનવધર્મના દસ સુવર્ણ સૂત્રો છે. આમાંનો ચોથો નિયમ છે : "સત્યને ગ્રહણ કરવામાં અને અસત્યને છોડવામાં હંમેશા ઉદ્યત રહેવું જોઈએ."

આ દસ નિયમોમાં ક્યાંય 'દયાનંદ' શબ્દ જોવામાં આવતો નથી. ત્રીજા નિયમમાં કહ્યું છે : "વેદને ભણવા-ભણાવવા અને સાંભળવા-સંભળાવવા એ સર્વ આર્યોનો પરમ ધર્મ છે." ધ્યાનપૂર્વક જોવાની વાત એ છે કે, અહીં ઋષિ દયાનંદ પ્રણીત 'સત્યાર્થપ્રકાશ' વગેરે કોઈ ગ્રંથના ભણવા-ભણાવવાનો 'પરમ ધર્મ' નથી કહ્યો. સ્પષ્ટ છે કે આર્યસમાજ કોઈ દયાનંદી મત કે દયાનંદી પંથ નથી. આર્યસમાજ તો સાર્વભૌમ સત્ય સનાતન વૈદિક ધર્મનો પ્રચાર કરતું સંગઠન છે.

### સનાતન ધર્મ

જે હંમેશથી છે, નિત્ય છે અને છતાં પણ સદૈવ નૂતન છે તેનું નામ સનાતન છે. આથી વૈદિક ધર્મ જ સનાતન ધર્મ છે. એક આર્ય પોતાની જાતને વૈદિક ધર્મનો અનુયાયી માને છે. એ દૃષ્ટિએ પ્રત્યેક આર્યસમાજી સનાતનધર્મી છે. હકીકતમાં સનાતન ધર્મનો અભિપ્રાય ગંગોત્રીમાંથી નીકળતા ગંગાના પાણી જેવો વિશુદ્ધ ધર્મ થતો હતો, પરંતુ આજે આપણે અવિદ્યા અને પ્રમાદને કારણે હુગલી નદીના મલિન પાણીને જ 'સનાતન ધર્મ' માનવાની ભૂલ કરી રહ્યા છીએ. આર્યસમાજે જ્યારે આવા પતિત થઈ ગયેલા ધર્મની પવિત્રતા માટે હાકલ કરી, ત્યારે આ કહેવાતા સનાતન ધર્મના ઠેકેદારોએ આર્યસમાજને પોતાનો પ્રતિદ્વંદ્વી માની લીધો.

આજે આર્યસમાજ અને સનાતન ધર્મને બે અલગ અલગ પક્ષ માનવામાં આવે છે, પરંતુ આર્યસમાજ પોતાના આ સનાતન ધર્મના નામને છોડવા નથી ઈચ્છતો. આર્યસમાજ તો લોકોને વાસ્તવિક સનાતન ધર્મનું સ્વરૂપ કેવું હતું એ વિષે પરિચિત કરવાનો પુરુષાર્થ કરે છે. મહર્ષિ દયાનંદે સત્યાર્થપ્રકાશના અંતમાં 'સ્વમંતવ્યામંતવ્ય' પ્રકરણનો આરંભ કરતાં લખ્યું છે : "સર્વતંત્ર સિદ્ધાંત એટલે કે સામ્રાજ્ય સાર્વજનિક ધર્મ, જેને લોકો સદાથી માનતા આવ્યા, અત્યારે પણ માને છે અને આગળ ઉપર પણ માનશે, તેથી જ તેને સનાતન નિત્ય ધર્મ કહે છે. એનો કોઈપણ વિરોધ કરી શકે નહીં.' માટે આપણે સમજવું જોઈએ કે આજે સંસારમાં જેને 'સનાતન ધર્મ' કહેવામાં આવે છે એ વાસ્તવમાં તો 'પૌરાણિક મત' છે, કારણ કે સનાતન ધર્મ તો વૈદિક ધર્મનું જ બીજું નામ છે. આજે જ માનવ ધર્મ, વિશ્વ ધર્મ, સાર્વભૌમ ધર્મ કે સનાતન ધર્મ કહે છે.

ઋષિ દયાનંદે તેમના પૂના-પ્રવચનમાં મનુસ્મૃતિનાં દસ લક્ષણોમાં અહિંસાને ઉમેરીને અગિયાર લક્ષણો ધરાવતા ધર્મને સનાતન ધર્મની સંજ્ઞા આપી તેની વ્યાખ્યા કરી છે. આર્યસમાજ 'સનાતન' જેવા આ પ્રાચીન નામના ગૌરવને તેના વાસ્તવિક સ્વરૂપમાં પ્રસ્તુત કરવા ઈચ્છે છે.

પ્રસિદ્ધ વિદ્વાન પં. શિવકુમારજી શાસ્ત્રીએ અથર્વવેદના નિમ્ન મંત્રની વ્યાખ્યામાં 'સનાતન' શબ્દની પરિભાષા આપી છે, જે ખૂબ જ પ્રેરક છે.

**સનાતનમેનમાહુરુતાદ્ય સ્યાત્ પુનર્ણવઃ ।**
**અહોરાત્રે પ્રજાયેતે અન્યો અન્યસ્ય રૂપયોઃ ॥**

**- અથર્વવેદ : ૧૦.૮.૨૩**

શબ્દાર્થ : (એનમ્) તેને (સનાતનમ્) સદાય રહેનારો, અનાદિકાલીન (આહુઃ) કહે છે. (ઉત) અને તેમ છતાં પણ તે (અદ્ય) એક (અન્યસ્ય) બીજાથી (રૂપયોઃ) રૂપોમાં સમાન રૂપોમાં જ (અહોરાત્રે) આ રાત-દિવસ (પ્રજાયેતે) હંમેશાં ઉત્પન્ન થતા રહે છે.

મંત્રના આશયને ખોલવાની ચાવી 'સનાતનમ્' ની અર્થાત્ અનાદિત્વની પરિભાષા 'પુનઃ નવઃ' અર્થાત્ ફરી ફરી નૂતન થવામાં રહેલી છે. જે નિત્ય નવીન નથી હોતું એ સનાતન પણ હોઈ શકતું નથી. એ જીર્ણ થઈ જાય છે, જૂનું થઈ જાય છે, એ વર્તમાનમાં અપ્રાસંગિક બની જાય છે.

માટે સ્પષ્ટ છે કે જે સનાતન છે તે સદૈવથી છે, નિત્ય નવીન છે. જેમ કે સૂર્ય હંમેશથી છે અને છતાં તે નિત્ય નવીન છે. રાત-દિવસનું ચક્ર સૃષ્ટિ બની ત્યારથી છે, પરંતુ આજે પણ નવીન છે. આ રીતે સનાતન વૈદિક ધર્મની ગંગા પણ સૃષ્ટિના આરંભથી વહી રહી છે, અને આજે પણ તે નિર્મળ અને નૂતન છે. આ શાશ્વત ધારામાં મધ્યકાળના મતમતાંતરોના પથ્થરખંડોએ અડચણો ઊભી કરી દધી હતી, પરંતુ ઋષિ દયાનંદે 'ભગીરથ' બનીને આ મતમતાંતરોને દૂર કરવા માટે ભગીરથ પુરુષાર્થ કર્યો. આ મત-સંપ્રદાયોના પથ્થરખંડોને હઠાવીને તેમણે સત્ય સનાતન વૈદિક ધર્મની ધારાનો માર્ગ સાફ કરીને તેને ફરી આગળ વધારી. આમ આર્યસમાજની સ્થાપના કરીને તેમણે કોઈ કાલ્પનિક મત-સંપ્રદાય કે નવી વિચારધારાને જન્મ નથી આપ્યો.

### આર્યો : ભારતના મૂળ નિવાસી

વિદેશીઓ આપણા ઈતિહાસને યોજનાબદ્ધ ઢંગથી ભ્રષ્ટ કરતા આવ્યા છે. તેમણે ઈતિહાસ-સંબંધી સૌથી મોટી વિકૃતિ એ ઊભી કરી કે, આર્યો આ દેશના મૂળ નિવાસી નથી. તેમનું કહેવું છે કે આર્યો તો ઈરાન અથવા મધ્ય એશિયામાંથી આવ્યા છે, અને અહીંના મૂળ નિવાસીઓ જેવા કે દ્રવિડ, ભીલ વગેરેને અહીંથી બહાર ખદેડીને તેઓ આ ભારતની ભૂમિ પર કબજો જમાવી બેઠા છે.

આવાં ઈતિહાસ-સંબધી જૂઠાં તથ્યો જોડીને આર્યોને પણ મુસલમાનો અને અંગ્રેજોની માફક વિદેશી ઠરાવવાનું ષડ્યંત્ર ઊભું કરવામાં આવ્યું. આ જૂઠાણાએ ઉત્તર-દક્ષિણ, આર્ય-દ્રવિડ વગેરે વચ્ચે ભેદભાવની દીવાલો ઊભી કરી દીધી. આ મિથ્યા ધારણાનું ઐતિહાસિક તથ્યોના આધારે તર્કપૂર્ણ ખંડન સૌપ્રથમ મહર્ષિ દયાનંદે કર્યું છે. તેમણે વિદેશીઓ દ્વારા ફેલાવવામાં આવેલ આ ભ્રમના ખંડનમાં નીચેના મુદ્દાઓ પ્રસ્તુત કર્યા -

**➤ આર્યસમાજ કોઈ દયાનંદી મત કે દયાનંદી પંથ નથી. આર્યસમાજ તો સાર્વભૌમ સત્ય સનાતન વૈદિક ધર્મનો પ્રચાર કરતું સંગઠન છે.**

- સૃષ્ટિની શરૂઆતમાં મનુષ્યોની ઉત્પત્તિ સૌપ્રથમ 'ત્રિવિષ્ટપ' અર્થાત્ તિબેટમાં થઈ હતી. એ વખતે મનુષ્ય જાતિ એક હતી. જે મનુષ્યો ઉત્તમ અને શ્રેષ્ઠ હતા તેઓ 'આર્ય' કહેવાયા અને જે લોકો દુષ્ટ સ્વભાવના હતા તેઓ 'દસ્યુ' કહેવાયા. ત્યાર બાદ આર્યોના બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એવા ચાર વિભાગો થયા.
- સૃષ્ટિની ઉત્પત્તિ લગભગ બે અબજ વર્ષ પૂર્વ થઈ.
- આર્યો અને દસ્યુઓના પરસ્પર ઝઘડાઓને લીધે આર્યો સીધા આ ભૂમિ પર આવીને વસ્યા છે, અને ત્યારથી જ આ દેશ 'આર્યાવર્ત' નામથી ઓળખાય છે. આની પહેલાં આ દેશનું કોઈ જ નામ નહોતું, અને ન તો કોઈ તેની પર વસતુ હતું.
- કોઈ પણ સંસ્કૃત ગ્રંથ અથવા પ્રાચીન ઈતિહાસમાં ક્યાંય એવું નથી લખ્યું કે, આર્યો ઈરાન આદિ દેશોમાંથી આવ્યા અને આ દેશના જંગલી લોકો સાથે લડીને વિજય મેળવી તેમને કાઢી મૂકી આ દેશના રાજા થયા. તો પછી વિદેશીઓની વાત કેવી રીતે માનનીય થઈ શકે ?
- આર્યાવર્તની ઐતિહાસિક શૃંખલા આ મુજબ છે : બ્રહ્માનો પુત્ર વિરાટ, વિરાટનો મનુ, મનુના મરીચિ આદિ દસ અને એના સ્વયંભુવાદિ સાત રાજા અને એમના પુત્ર ઈક્ષ્વાકુ આદિ આર્યાવર્તના પ્રથમ રાજાઓ થયા કે જેમણે આર્યાવર્ત વસાવ્યો. ત્યાર બાદ રઘુ, રામચંદ્રજી અને પછી કૌરવ-પાંડવોનો મહાભારતકાળ આવ્યો જે ચક્રવર્તી રાજ્ય કહેવાયું.

મહર્ષિ દયાનંદે મહારાજ યુધિષ્ઠિરથી લઈ મહારાજ યશપાલ સુધીના રાજાઓની સૂચિ કે જેની ગણના ૪૧૫૭ વર્ષની થાય છે, તેમના 'સત્યાર્થપ્રકાશ' ગ્રંથમાં આપી છે. તેમણે આર્ય લોકોનો રાજ્ય-કાળ સંવત ૧૨૪૮ સુધી માન્યો છે. આની પૂર્વ વિદેશીઓનાં આક્રમણો તો થયેલાં, પરંતુ ત્યાં સુધી વિદેશીઓ આ દેશના શાસક બની શક્યા નહોતા. સંવત ૧૨૪૮ પછીનો સમય વિદેશીઓનાં આક્રમણોનો અને શાસનનો રહ્યો છે, જેનું વર્તમાન ઈતિહાસમાં વર્ણન જોવા મળે છે.

આર્યસમાજની માન્યતા છે કે દ્રવિડ અને આદિવાસી કહેવાતા સમૂહો પણ આર્યોના વંશજો હોવાથી આર્યો જ છે. જેઓ પોતાને મુસલમાન અને ખ્રિસ્તી માને છે અને ભારતના વિજેતા કે શાસક કહેવડાવવામાં ગર્વ અનુભવે છે, તેઓ પણ હકીકતમાં તો આર્યોના જ વંશજો છે. **(ક્રમશઃ)**

---

# यो रेवान् योऽमीवहा वसुवित् पुष्टिवर्द्धनः । स नः सिषक्तु यस्तुरः ।। (यजु.अ.३/मं.२६)

(ऋ.दया. कृत यजुर्वेदभाष्य अ.३/मं.२६)

**ऋषि दयानंद वेद-पदार्थ, भावार्थ, व्याख्यान प्रदिप** ૧૧

સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ** – (यः) जो वेदशास्त्र का पालन करने वाला(क) ईश्वर (रेवान्) विद्या का धनी(ख) है एवं (यः) जो महान् (अमीवहा) अविद्या आदि रोगों का नाशक(ग) है तथा (वसुवित्) जो सब वस्तुओं को यथावत् जानता एवं जनाता है और (पुष्टिवर्द्धनः)(घ) शारीरिक, आत्मिक बलों और धातुओं की साम्य अवस्था को बढ़ाने वाला और (तुरः) शीघ्रकारी है (सः) वह वेदपति जगदीश्वर (नः) हमें शुभ गुणों से और शुभ कर्मों से (सिषक्तु) संयुक्त करे।।

**भावार्थ** – जो यह विश्व में धन है वह सब ईश्वर का ही है। मनुष्य जैसी ईश्वर से प्रार्थना करें स्वयं भी वैसा ही पुरुषार्थ करें। जैसा 'रेवान्' इस ईश्वर के विशेषण को कह कर और सुन कर कोई भी कृतार्थ (फलवान्) नहीं होता किन्तु अपने भी परम पुरुषार्थ से धन की वृद्धि और रक्षा नित्य करनी योग्य है।

जैसे वह ईश्वर अमीवहा = रोगहन्ता है वैसे ही मनुष्य भी रोगों का नित्य हनन करें।

जैसे वह ईश्वर वसुवित् = वस्तुओं को जानने वाला है वैसे ही यथाशक्ति पदार्थ विद्या को जानें।

जैसे वह ईश्वर सबका पुष्टि-वर्धक है, वैसे ही मनुष्यों को सबकी पुष्टि नित्य बढ़ानी चाहिये।

जैसे वह ईश्वर तुरः = शीघ्रकारी है वैसे ही सब मनुष्यों को अभीष्ट कार्य शीघ्र करने चाहिये।

जैसे तुम लोग उस ईश्वर से शुभ गुण, कर्म प्राप्ति के लिये प्रार्थना निरन्तर करते हो, वैसे परमेश्वर भी हम सब मनुष्यों को परम प्रयत्न से उत्तम-उत्तम गुण व कर्मों के आचरण के साथ नित्य या निरन्तर संयुक्त करे।।

**टिप्पणीः–**

(क) ईश्वर सृष्टि के प्रारम्भ में वेदों का उपदेश देता है तथा आज्ञा देता है कि दूसरे मनुष्यों को भी वेदों का ज्ञान कराओ। इससे परम्परा से वेदों का उत्तरोत्तर मनुष्यों को ज्ञान होते रहने से वेदो की रक्षा होती है। इस प्रकार से वेदों की रक्षा ईश्वर करता है।

(ख) ईश्वर के पास इतनी विधाएँ हैं कि जिनका अन्त नहीं पाया जा सकता।

(ग) ईश्वर जीवात्मा में व्याप्त है अतः धार्मिक, विद्वान् व योगाभ्यासी जीव को अन्तर्यामी रूप से विद्या या विवेक देकर उसके अविद्यादि रोगों का नाश करता है।

(घ) ईश्वर धार्मिक, विद्वान्, ईश्वरभक्त मनुष्य की पुष्टि को करने वाला व बढ़ाने वाला है, चोर, डाकू, नास्तिक, व्यभिचारी मनुष्य की नहीं। (ક્રમશઃ)

**વૈચારિક ક્રાંતિ માટે વાંચો**
**મહર્ષિ દયાનંદ સરસ્વતી કૃત**
**સત્યાર્થ પ્રકાશ**
દરેક આર્યસમાજોમાં ઉપલબ્ધ

# મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન વિશેષાંક

સાદર નમસ્તે.

આપ જાણો છો તેમ અગ્નિપથ છેલ્લા ૧૪ વર્ષથી વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે યથાસંભવ પ્રયત્નો કરી રહ્યું છે. કોઈપણ અખબાર જાહેરાત વગર ચાલી શકે નહીં. પરંતુ અગ્નિપથ સાપ્તાહિક અખબાર હોવા છતાં તેમાં સામાન્યરીતે જાહેરાતો લેવામાં આવતી નથી. ઘણી વખત **આપ આર્યસમાજના કાર્યક્રમોની જાહેરાતો જોવો છે તે તદ્દન નિઃશુલ્ક છાપવામાં આવે છે.** આમ અગ્નિપથ વૈદિક ધર્મ અને આર્યસમાજના પ્રચાર-પ્રસારનું કાર્ય છેલ્લા ૧૪ વર્ષોથી સફળતાપૂર્વક કરી રહ્યું છે.

અગ્નિપથ દ્વારા નિયમિત પ્રકાશિત થતા અંકોમાં સામાન્યરીતે વ્યવસાયિક જાહેરખબર લેવામાં આવતી નથી જેનાથી આપ સુપરિચિત છો. વર્ષમાં એકાદ બે વિશેષાંકોના પ્રકાશન દ્વારા જ આર્થિક પૂર્તતા કરવાનો તથા અખબારની મહત્તમ જગ્યા ઉપયોગી સમાચારો તથા જીવન નિર્માણમાં સહાયક લેખો દ્વારા ભરવાનો અમારો પ્રયાસ રહ્યો છે અને ભવિષ્યમાં પણ રહેશે.

આ વર્ષે મહર્ષિ દયાનંદ સરસ્વતી નિર્વાણ દિન નિમિત્તે આગામી **૩૧મી ઓક્ટોબર** તથા **૭મી નવેમ્બર**નાં રોજ બે વિશેષાંકો પ્રકાશિત કરવામાં આવનાર છે. પરમાત્માની અસીમ કૃપાથી અને આપના પુરૂષાર્થથી આપ આર્થિક રીતે સંપન્ન છો અને ધાર્મિક, સામાજિક, સેવાકીય કાર્યોમાં સહયોગ પણ પ્રદાન કરો છો. અમને આશા અને વિશ્વાસ છે કે વર્ષમાં એકવખત આપનો વ્યક્તિગત સહયોગ અમને મળી રહેશે.

જાહેરાતની રકમ રોકડમાં, એટપારનાં ચેકથી, **અગ્નિપથ** ના નામના પેયેબલ એટ ગાંધીનગરના ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા તો AGNIPATH A/c No. 24640200000387 Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagarના ખાતામાં જમા કરાવી શકો છો. જાહેરાતની મેટર સાથે અગ્નિપથનાં કાર્યાલયે પ્લોટ નં. : ૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર - ૨૧, ગાંધીનગર પીન. ૩૮૨૦૨૧ ખાતે આપ મોકલાવી શકો છો.

**અગ્નિપથ**

જાહેરાતના દર

| | |
|---|---|
| ૨ x ૧૦ | રૂા. ૧,૦૦૦/- |
| ૪ x ૧૦ | રૂા. ૨,૦૦૦/- |
| ૧/૪ પાનું | રૂા. ૫,૦૦૦/- |
| ૧/૨ (અડધુ પાનુ) | રૂા.૧૦,૦૦૦/- |
| આખું પાનું | રૂા. ૨૦,૦૦૦/- |

વધુ વિગતો માટે સંપર્ક : હરીશ રાણા (૦૯૪૨૮૪ ૨૨૨૮૬)

વૈદિક મહાસભા, રાજકોટ દ્વારા

# દિવાળીના તહેવારમાં ફટાકડાની ખરીદી ન કરવાની જાહેર અપીલ

રાજકોટ

રાજકોટ સ્થિત વૈદિક મહાસભા દ્વારા દિવાળીના તહેવાર દરમ્યાન ફટાકડાની ખરીદી ન કરવા માટે એક જાહેર અપીલ શ્રી સુરેશચંદ્ર ચાવડા દ્વારા કરવામાં આવી છે.



શ્રી સુરેશચંદ્ર ચાવડાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ માટે વૈદિક સભાની એક મિટિંગ ગત તા. ૧૦મી ઓક્ટોબરના રોજ રાજકોટ ખાતે યોજાવામાં આવી હતી. આ મિટિંગમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, ફટાકડા ફોડવાથી થતા નુકશાનથી લોકોને માહિતગાર કરવા માટે ૧,૦૦,૦૦૦થી વધુ પત્રિકાઓ છપાવવી અને તેનું વિતરણ કરવું. આ ઉપરાંત રાજકોટ ખાતે એક રેલીનું પણ આયોજન કરવામાં આવશે. આ રેલીમાં બેનરો સાથે વૈદિક મહાસભાના કાર્યકરો અને પદાધિકારીઓ રાજકોટની જનતાને સંદેશો આપવાનો પ્રયાસ કરશે.

આ મિટિંગમાં વૈદિક મહાસભાના કાર્યકરો સર્વશ્રી સુરેશચંદ્ર ચાવડા, શ્રી અમૃતભાઈ પરમાર, શ્રી વિજયભાઈ બોરીચા, શ્રી ભરતભાઈ કાનગઢ, શ્રી હરેશભાઈ અઢિયા, શ્રી વિનોદભાઈ અઢિયા, શ્રી નટવરસિંહ ચૌહાણ, શ્રી મહેન્દ્રભાઈ ભાવલ, શ્રી જીતેન્દ્રભાઈ જોષી, શ્રી મધુભાઈ પાંઉ, શ્રી તેજષભાઈ આઝાદ, શ્રી ભરતભાઈ આહૂજા, શ્રી ગોવિંદભાઈ સાવલીયા ઉપસ્થિત રહ્યા હતા. અત્રે એ ઉલ્લેખનિય છે કે હાલમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ફટાકડા ન ફોડવા માટે આજુ-બાજુની સોસાયટીઓમાં પ્રયાસ કરવામાં આવી રહ્યો છે જે પ્રસંશનીય છે. આ કાર્ય વિદ્યાર્થીઓ દ્વારા સતત છેલ્લા ત્રણ વર્ષથી કરવામાં આવી રહ્યું છે.

તમામ નાગરિકોને વૈદિક મહાસભા, રાજકોટ દ્વારા આ કાર્યમાં સહયોગી બનવા વિનંતી કરવામાં આવી છે.

આર્યસમાજ, નવાડેરા, ભરુચ દ્વારા

# ચાર નવીન ગુજરાતી પુસ્તકોનું પ્રકાશન થશે

વિવિધ આર્યસમાજો, આર્ય મહાનુભાવો અને ધર્મપ્રેમી સજ્જનોના સહયોગથી આર્યસમાજ, નવાડેરા, ભરૂચ દ્વારા છેલ્લા ૧૧ વર્ષમાં ૫૩ પુસ્તકો તથા ૫,૩૦,૦૦૦ પ્રતો પ્રકાશિત કરવામાં આવી છે. હાલમાં આર્યસમાજ દ્વારા વધુ ચાર પુસ્તકોના પ્રકાશનની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

(૧) **આસ્તિકવાદ** : મૂળ લેખક પં. ગંગાપ્રસાદજી ઉપાધ્યાય, અનુવાદ તથા સંક્ષિપ્તકાર શ્રી નાથુભાઈ ડોડિયા, કુલ પાના : ૮૦, મુલ્ય ૧૦ રૂપિયા. આ પુસ્તકમાં ઈશ્વરના અસ્તિત્વનું તર્ક તથા બુદ્ધિવાદના આધારે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(૨) **એક જ માર્ગ** : મૂળ હિંદી પ્રવક્તા મહાત્મા આનંદ સ્વામીજી, અનુવાદ શ્રી દયાલમુનીજી, કુલ પાના : ૧૨૦, મુલ્ય ૧૫ રૂપિયા. આ પુસ્તકમાં વૈદિક અધ્યાત્મ માર્ગની વિશેષતા તથા અનિવાર્યતા રોચક શૈલીમાં પ્રસ્તુત કરવામાં આવી છે.

(૩) **પરમાત્મા-જીવાત્મા-પ્રકૃતિ-એક તુલનાત્મક અધ્યાયન** : મૂળ હિંદી લેખક સ્વામી શ્રી શાંતાનંદજી સરસ્વતી (સંતશ્રી ઓધવરામ વૈદિક ગુરૂકુલ, ભવાનીપુર, કચ્છ) અનુવાદ શ્રી નાથુભાઈ ડોડિયા, કુલ પાના : ૪૮, મુલ્ય ૬ રૂપિયા. આ પુસ્તકમાં ત્રણ અનાદિ સત્તાઓનું સ્વરૂપ જ્ઞાન આપ્યું છે.

(૪) **આદર્શ સુધારક દયાનંદ** : મૂળ બંગાળી લેખક બાબુ દેવેન્દ્રનાથ મુખોપાધ્યાય, ગુજરાતી અનુવાદ દિવાન બહાદુર કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. સંપાદક શ્રી ભાવેશ મેરજા, કુલ પાના : ૮૦, મુલ્ય ૧૦ રૂપિયા. આ પુસ્તક ૧૦૩ વર્ષ પહેલાં મુંબઈથી પ્રકાશિત થયું હતું. મહર્ષિ દયાનંદના જીવન-કાર્યના શ્રેષ્ઠ સંશોધનકર્તા અને તેમનું આદ્ય જીવનચરિત્ર લખવામાં સર્વાધિક મહત્વપૂર્ણ યોગદાન આપનાર પં. દેવેન્દ્રનાથ મુખોપાધ્યાયે આ પુસ્તકમાં મ. દયાનંદના સમાજ અને ધર્મ સુધારક રૂપનું સશક્ત વર્ણન કર્યું છે.

ઉપરોક્ત ચારે પુસ્તકોના પુર્વવત અધિકાધિક પ્રતોના અગ્રિમ સહયોગી બની આપણા આ સ્વાધ્યાય યજ્ઞમાં આપની પાવન આહુતિ આપશો અને તે અંગેની સુચના પત્ર અથવા ફોનથી તા. ૩૧મી ઓક્ટોબર, ૨૦૧૩ પહેલાં પાઠવશો તેવી અપેક્ષા આર્યસમાજ, નવાડેરા, ભરૂચ આપની પાસે રાખી રહ્યું છે.

## ફોટો ગેલેરી

### વિદ્યાનગર ખાતે વુમન હોસ્ટેલની વિદ્યાર્થીનીઓ માટે પાંચ દિવસીય શિબિરનું આયોજન કરાયું



આણંદ જીલ્લાના વિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સીટીની વુમન હોસ્ટેલ નં. : ૧ની આશરે ૭૦ જેટલી વિદ્યાર્થીનીઓ માટે કેતનભાઈ પટેલ (નાવલી) દ્વારા પાંચ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વિદ્યાર્થીનીઓને અષ્ટાંગ યોગનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓને ક્રિયાત્મક યજ્ઞનું પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યું હતું. ઉપરોક્ત તસવીરમાં વિદ્યાર્થીનીઓને યજ્ઞનું પ્રશિક્ષણ આપી રહેલા શ્રી કેતનભાઈ તથા ચરોતર પ્રદેશ આર્યસમાજના પંડિત શ્રી કનુભાઈ શાસ્ત્રી દ્રષ્ટિગોચર થાય છે. શિબિરના અંતે ચરોતર પ્રદેશ આર્યસમાજ આણંદ દ્વારા હોસ્ટેલને 'સત્યાર્થપ્રકાશ' તથા આયુર્વેદ સરળ ઉપચાર જેવી અનેક વૈદિક પુસ્તકો ભેંટ આપવામાં આવી હતી.

વૈદિક મહાસભા, રાજકોટ દ્વારા

# ધ ઈમ્પિરીયલ સાયન્સ સ્કૂલ-ધોરાજી ખાતે પ્રવચન યોજાયું

વૈદિક મહાસભા, રાજકોટ દ્વારા ગત તા. ૨૬મી ના રોજ ધોરાજી ખાતે આવેલી ધ ઈમ્પીરીયલ સાયન્સ સ્કુલ ખાતે એક પ્રવચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અગ્નિપથના તંત્રી શ્રી અરવિંદભાઈ રાણા દ્વારા સ્કુલના વિદ્યાર્થીઓને વૈદિક જીવન પદ્ધતિ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.



ધોરણ ૮,૯ અને ૧૦ના વિદ્યાર્થીઓને શ્રી અરવિંદભાઈ રાણાએ અભ્યાસ માટેની જરૂરી માહિતી આપી હતી. અભ્યાસ કરવાની સાચી પદ્ધતિ પણ તેમણે વિદ્યાર્થીઓને સમજાવી હતી. આ કાર્યક્રમમાં ૧૨૦થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વૈદિક મહાસભા, ધોરાજીના પ્રભારી શ્રી કિસનભાઈ સરવૈયાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમને અંતે વૈદિક મહાસભા તરફથી શ્રી જેઠાભાઈ ચાવડાના હસ્તે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને વૈદિક પુસ્તકો ભેંટ આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળા પરિવારના દરેક સભ્યોએ સુંદર સહયોગ આપ્યો હતો.

વૈદિક મહાસભા, રાજકોટ દ્વારા આયોજીત

# બ્રાઈટ-બોયસ અકેડમી ધોરાજી ખાતે વૈદિક યજ્ઞ પ્રશિક્ષણ શિબિર સંપન્ન

તાજેતરમાં વૈદિક મહાસભા, રાજકોટ દ્વારા ધોરાજી ખાતે આવેલી બ્રાઈટ-બોયસ અકેડમી ખાતે વૈદિક યજ્ઞ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં સ્કુલના વિદ્યાર્થીઓ, શિક્ષકવૃંદ, ટ્રસ્ટીમંડળે કુટુંબ સહિત ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં વૈદિક મહાસભાના સંરક્ષક શ્રી જેઠાભાઈ ચાવડા, અગ્નિપથના તંત્રી શ્રી અરવિંદભાઈ રાણા, વૈદિક મહાસભાના ધોરાજીના પ્રભારી શ્રી કિસનભાઈ સરવૈયા, પાર્યથ સરવૈયા, અર્ચનાબેન સરવૈયા, તથા મુંબઈથી ખાસ પધારેલા કુંદનબેન રાઠોડે ખાસ હાજરી આપી હતી.

યજ્ઞ પ્રશિક્ષણ શિબિરની સફળતાપૂર્વક પૂર્ણાહૂતી બાદ વિદ્યાર્થીઓ દ્વારા આ જ પ્રકારના કાર્યક્રમનું ફરીથી આયોજન કરવા વિનંતી કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે યજ્ઞ વિશે વધુ જાણકારી મેળવવા વધુ કાર્યક્રમો થવા જોઈએ.

પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શ્રી અરવિંદભાઈ રાણાએ વૈદિક જ્ઞાન તથા અભ્યાસની જરૂરી માહિતી આપી હતી. આ શિબિરમાં વૈદિક મહાસભાના સંરક્ષક શ્રી જેઠાભાઈ દ્વારા દરેક વિદ્યાર્થીઓને વૈદિક પુસ્તકોની ભેંટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ટ્રસ્ટી શ્રી સુધીરભાઈ અને શ્રી પરેશભાઈનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો હતો.

અગ્નિપથ

અસ્માકં વીરા ઉત્તરે ભવન્તુ

- સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- બાળકો માટે ઉપદેશ કથા.
- સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**

: કાર્યાલય :

૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathweekly@gmail.com

અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.

AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.

# માનવીના અંતિમ લક્ષ્ય પૂર્ણ વિશુદ્ધ સુખ અને પરમ શાંતિની અપેક્ષાઓ આજના મંદિરો પૂર્ણ કરી શકતા નથી

**મંદિર હતું પ્રેમનું, મુર્તિ તેમાં સ્નેહની,**
**પુણ્ય હતું ત્યારે પુજારી કો' નવ મળે,**
**પછી**
**કોકદિ એક પુજારી ત્યાં આવ્યા,**
**લોકોએ જાણ્યું કે પાપ શી ચીજ છે.**

બચપનમાં નખત્રાણા ખાતે ઘણાં વર્ષો પહેલા અમૂક નાટકો જોવનો અવસર મળેલ હતો. હાલમાં પુનાના પ્રવાસે જવાથી મિત્રની આગ્રહભરી વિનંતીએ એક નાટર જોવાનો અવસર મળ્યો. નાટરકના મૂળમાં એક વિધવા માંની મનોવ્યથા વણાયેલી હતી. બચપનમાં જ વિધવા થઈ અને પોતાના બધા અરમાનો અભેરાઈએ ચડાવીને પુત્ર-પુત્રીને ભણાવી મોટા કરી દિકરાના લગ્ન પછી પુત્રવધુ-પુત્ર અને જવાન પુત્રી વિધવામાને દરેક વખતે ખોટા બહાના બતાવી ઉલ્લુ બનાવે છે. અને જલસા કરે છે. વિધવા માં બીચારી લાગણીના તાણા વાણા વચ્ચે ઘરમાં આખો દિવસ કામકાજ જ કર્યા રાખે છે. છેવટે માંને ધીરે ધીરે બધી ખબર પડી જાય છે. અને તે દુઃખમાંથી છુટવા અંતિમ સહારા તરીકે મંદિરે જાય છે. અને મંદિર પણ બંધ થઈ જતાં તે વિલાપ કરે છે. અને ઈશ્વરને ફરિયાદ કરે છે, મારી પ્રાર્થના સાંભળવા મંદિર પણ બંધ તો હવે હું શું કરુ ? નાટકનો મૂળ હાર્દ કહો કે થીમ અંતમાં જાહેર થાય છે કે કેવળ મંદિરે જવાથી કે પ્રાર્થના કરવાથી દુઃખો દૂર થતાં નથી કે સમસ્યાઓનું સમાધાન થતું નથી. પણ પ્રાર્થના સાથે પૂર્ણ પુરુષાર્થ અને સમસ્યાઓના સમાધાનના સાચા ઉકેલ આપણે જીવનમાં અપનાવવા પડે છે. ત્યારે તેમાંથી મુક્તિ મળે છે. મંદિર જતાં લોકો જ સુખના સાથીદાર બનતા નથી. કેવળ મંદિર સાથે માયા બાંધવાથી માથાકુટમાંથી છૂટાતું નથી. જમીન પર સીમેન્ટ કોંક્રીટના મંદિરો એ માનવને માનવ બનાવવા મહેનત કરી નથી. કેવળ મંદિર એ જ ભગવાનું ઘર નથી. જે ઘરમાં નિત્ય પંચ મહાયજ્ઞ થાય છે તે ઘર જ વાસ્તવમાં મંદિર છે. ભારતમાં સિમેન્ટ કોંક્રિટના મંદિરોની જરાય ખોટ નથી. મનુષ્યોએ બનાવેલ મંદિરોમાં ઈશ્વર મળવા મુશ્કેલ છે, જ્યાં પ્રેમ, વાત્સલ્ય, કરૂણા, દયા, સેવા પરોપકાર, નિસ્વાર્થતા હોય ત્યાં ધંધો કે વ્યાપાર હોતો નથી. પણ વર્તમાનના મંદિરો ધંધા કે વ્યાપારના કેન્દ્રો બનતા જાય છે. જ્યાં લાગણીઓની કિંમત માંગણીઓમાં પરિણમે છે. મંદિરોમાં ઉજવાતાં તહેવારોનું સ્થાન મહેફિલોએ લઈ લીધુ છે. લોકો મંદિરે જાય છ કે મહેફિલમાં એ જ ખબર પડતી નથી. મંદિરે જતો માણસ ખરેખર વાસ્તવમાં માણસ બની જતો જોવા મળતો નથી. વાસ્તવિકતામાં જીવવું હોય તો મન-મંદિરે દરરોજ સવાર-સાંજ જવાનું ભૂલતા નહિં. ઈશ્વરે બનાવેલ મન-મંદિરમાં રોજ આરાધના અને આરતી કરનાર જ સાચો ઈશ્વર ભક્ત છે. બાકી મનુષ્યોએ બનાવેલ મંદિરોમાં ભક્તિની જગ્યાએ ખુલ્લંમ-ખુલ્લા વેપાર-ધંધો જ પલ્લવિત થાય છે. સત્યની ખોજ કરવી તો હતો સ્વયંને જ મંદિર બનાવજો. ઈશ્વરની ખોજ માટે પણ



## ચંદ્રેશ ચિંતન

- ચંદ્રેશ આર્ય - ગાંધીધામ

આપણે આપણું જીવન મંદિર બનાવવું પડશે. એના વગર છૂટકો જ નથી. દરેક મનુષ્ય પાસે પોતાનું એક મંદિર છે. જે મંદિરમાં જવાનું જ માણસ ભૂલી જાય છે. એ જ એની મોટામાં મોટી ભૂલ છે. જ્યાં જવાનું છે ત્યાં જતો નથી. અને જ્યાં જવાથી કંઈ મળતું નથી ત્યાં રોજ આંટા-ફેરા કરે છે. પરમાત્મા એ બનાવેલું વિરાટ મંદિર એટલે આ સંસાર જ છે. સંસારના સઘળા પદાર્થો જોયા પછી પથ્થરોના મંદિરો જોવાની જરૂર પડતી નથી.

દર મહિને મંદિરની માવજત માટે પાંચ હજારનું દાન કરતાં પોતાને ધાર્મિક માનતાં વ્યક્તિ પોતાના ઘરની પાસેની ગંદકી કે કચરો સાફ કરાવવા માટે પાંચ સો રૂપિયા ખર્ચ કરવા તૈયાર નથી. પડોસીઓ અને પગે ચાલનારાઓ ભલે દુઃખી થાય. આવી વ્યક્તિઓ પોતાને ધાર્મિક સમજે છે. માનવી જ માનવી માટે દુઃખનું કારણ બને તો મંદિર શું કામના કહેવાય ? જ્યાં માનવની દખલ છે ત્યાં મંદિર નથી. સ્વયંના મન-મંદિરને સાફ અને શુદ્ધ રાખવા માનવ જરાય મહેનત કરતો નથી. અને પથ્થરોના મંદિરોમાં પરમેશ્વરને પામવા નકામી કોશીષો કરી રહ્યો છે. ઈશ્વરની આરાધના કરવાથી ઈશ્વર તો મન-મંદિરમાં મળવાના છે ને અજ્ઞાની માણસ પથ્થરોમાં માથું કૂટે છે. ત્યારે વિચાર આવે છે કે માનવ સત્યથી કેટલો દૂર થતો જાય છે.

ઘરના પુરુષો અને પતિની ઉપેક્ષા કરી પથ્થરો પર પાણી ચડાવવા મંદિરે જતી સ્ત્રીઓ શું ખરેખર પરમેશ્વરને પામી શકતી હશે ? 'ઘરના લોકો ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો' આ તે કેવી ભક્તિ કહેવાય ? ઈશ્વરના આશિર્વાદ ત્યારે જ મળે જ્યારે આપણા જ લોકો આપણા થી પ્રસન્ન હોય.

માનવ દરેક ક્ષેત્રે સામેના માનવથી દુઃખી છે ત્યારે આ પથ્થરાના મંદિરોએ દુઃખો દુર કરવા શું કર્યું ? મંદિરોએ રથયાત્રાનું ગૌરવ વધાર્યું પણ માનવોની જીવનયાત્રા પૈડા વગરની ધક્કા ગાડી જેવી થઈ ગઈ તેનો શું ઉપાય છે ? વર્ષોથી મંદિરો તરફથી રથયાત્રાઓ નીકળે છે. પણ એ જ મંદિરોના મહંતો દ્વારા ક્યારેય પણ માનવોના દુઃખ, અજ્ઞાનને દૂર કરવા જીવન નિર્માણ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે ? માટે જ માનવીના અંતિમ લક્ષ્ય પૂર્ણ વિશુદ્ધ સુખ અને પરમ શાંતિની અપેક્ષાઓ આજના મંદિરો પૂર્ણ કરી શકતા નથી.

નાટકના અંતમાં પથ્થરના પરમેશ્વર કામ આવતા નથી પણ જૂનો પડોશી જ કામ આવે છે. અને નાટકમાં જ એક બીજુ નાટક રચાય છે. અને પુત્ર-પુત્રવધુ અને પુત્રી સીધા-સરળ થઈ જાય છે. લોકોએ નાટકને મનોરંજનથી માણ્યું હશે, પણ મેં તેમાં તેનો હાર્દ થીમ પારખવાની કોશિષ કરી, મંદિર અને પથ્થરના પરમેશ્વર વિશે ચિંતનનું આલેખન કર્યું અને મિત્રના આગ્રહને આભાર સાથે ઉજાગર કરવાની કોશિષ કરી છે.

**ઈર્ષ્યા ની છત્રી ઓઢી માનવ,**
**મંદિર જવા નીકળ્યો,**
**છત્રી કાગડો થઈ ઉડી ગઈ,**
**અને પ્રેમનો વરસાદ વરસી પડ્યો,**
**પ્રેમના વરસાદમાં પલડીને,**
**માનવ મંદિરે જવાનું ભૂલી ગયો.**

અગ્નિપથ

વૈદિક ધર્મના પ્રચાર-પ્રસાર માટે આપને નમ્ર અપીલ છે કે આપ આપના સગા-સંબંધી, મિત્રોને તેમના જન્મદિન પ્રસંગે, લગ્નતિથિ તથા અન્ય શુભ પ્રસંગે અગ્નિપથનું લવાજમ ભરી ભેટ સ્વરૂપે લાભાન્વિત કરી શકો છો. આપના સહયોગ વગર વૈદિક ધર્મના પ્રચારનું કાર્ય સંભવ નથી. અમારા આ પવિત્ર કાર્યમાં સહયોગી થવા આપને હાર્દિક આમંત્રણ છે. અગ્નિપથ દરેક વાચક વર્ગ પાસે ઓછામાં ઓછા ૧૦ વ્યક્તિ લાભાન્વિત થાય તેવી અપેક્ષા રાખી રહ્યું છે. અમને વિશ્વાસ છે કે આપ અમને નિરાશ નહિ કરો.

ધન્યવાદ..................

અગ્નિપથ પરિવાર

વિશેષ નોંધ : ગુજરાતમાં વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર નહિંવત પ્રમાણમાં થઈ રહ્યો છે. અમે તન-મન-ધનથી છેલ્લા ૧૪ વર્ષથી પ્રયાસ કરી રહ્યા છીએ. આપનો સહયોગ અપેક્ષિત છે.

OWNER, PRINTER, PUBLISHER & EDITOR : ARVIND K. RANA PRINTED AT MUDRANKAN OFFSET, PLOT NO. 905/5/B, G.I.D.C., SECTOR-28, GANDHINAGAR.
PUBLISHED FROM : PLOT NO. 791/D/3, PANCHSHEEL PARK, SECTOR-21, GANDHINAGAR-382021. PHONE : (079) 23210071 E-MAIL : agnipathweekly@yahoo.com